GJJN210001672022

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૩૧ / ૦૭ / ૨૦૧૮ | | |
| નોંધણી તારીખ | ૩૧ / ૦૭ / ૨૦૧૮ | | |
| **ફેંસલ તારીખ** | **૦૮/ ૦૬ / ૨૦૨૬** | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૭ | ૧૦ | ૦૮ |

**આંક :** ______

## કેશોદના નામદાર સ્પેશ્યલ જજ (પોકસો) તથા એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.કેશોદ, જી.જુનાગઢ.

**સ્પેશ્યલ (પોકસો) કેસ નં. ૦૫ / ૨૦૨૨**

જુના સ્પેશ્યલ(પોકસો) કેસ નં.૨૭/૧૮ (જુનાગઢ)

માંગરોળ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફર્સ્ટ–૧૮/૨૦૧૮
ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૪, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨) તથા
પોકસો એકટની કલમ–૮, ૧૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ

| | |
|---|---|
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર,<br>મૂળ ફરીયાદી : જમનાબેન સુરેશભાઈ મકડીયા,<br>રહે.વણકર વાસ, માંગરોળ. |
| ફરીયાદ પક્ષ તરફે | વિધ્વાન એ.પી.પી. શ્રી એન. કે. પુરોહિત |
| આરોપી પક્ષ | દેવરાજ સોમાભાઈ ગોહેલ,<br>ઉ.વ. : ૨૪, ધંધો : નોકરી,<br>રહે.મકતુપુર, તા.માંગરોળ. |
| આરોપી પક્ષ તરફે | વિધ્વાન વકીલ શ્રી આર. બી. ખાણીયા |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૬/૦૪/૨૦૧૮ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૬/૦૪/૨૦૧૮ |
| આખરી અહેવાલની તારીખ | ૨૯/૦૭/૨૦૧૮ |
| તહોમતનામાની તારીખ | ૨૪/૦૨/૨૦૨૦ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૮/૦૪/૨૦૨૪ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૦૮/૦૬/૨૦૨૬ |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ? | ફરમાવેલ સજા | ક્રિ. પ્રો. કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | દેવરાજ સોમાભાઈ ગોહેલ | ૧૮/૦૪/૧૮ | ૧૧/૦૫/૧૮ | ઈ.પી.કો.કલમ–૩૬૩, ૩૬૪, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૮, ૧૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | છોડી મુકયા | –– | |

## –:: ચૂ કા દો ::–

(૧) આ કામના આરોપી વિરૂઘ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૪, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૮, ૧૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું ચાર્જશીટ માંગરોળ પોલીસ સ્ટેશન તરફથી રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીના પત્ની(ફરીયાદીના બહેન) તથા બાળકોનું તા.૦૧–૧૧–૨૦૧૭ના રોજ મર્ડર થયેલ હોય, તે બાબતે આરોપીની વાડીએ કામ કરતા મહેન્દ્ર ઉર્ફે જીકો દેવાભાઈને અટક કરાયેલ હોય, પરંતુ તે મર્ડર અંગે આરોપીએ ખોટી શંકાઓ કરી, આ કામના ફરીયાદી જમનાબેન તથા તેના માતા–પિતાને સંડોવી દેવા ખોટી શંકાઓ કરી, અવાર–નવાર હેરાન કરી, ત્યારબાદ તા.૧૬–૦૪–૨૦૧૮ના રોજ સવારના ૮:૩૦ વાગ્યાના અરસામાં માંગરોળ શાપુર દરવાજા વણકરવાસ વિસ્તારમાં ફરીયાદી તથા તેના પરિવારજનો ઘરે હાજર હતા ત્યારે આરોપીએ તે વિસ્તારમાં આવી, ફરીયાદીના પડોશી–સાહેદ રજનીભાઈ હરીભાઈ તથા ગીતાબેન મનોજભાઈને એવું કહેલ કે, ફરીયાદી જમનાબેનના દિકરાને તે ઉપાડીને લઈ

જશે અને મારી નાખશે તેમ કહી આરોપી ત્યાંથી જતા રહેલ, અને ફરી તે જ દિવસે સાં જે ૬:૧૫ વાગ્યાના અરસામાં આરોપીએ પોતાના હવાલાની મોટર સાઈકલ નં. જીજે–૧૧–બીસી–૪૧૨૨ માં આવી, ફરીયાદીના ઘરના ફળીયામાં અપપ્રવેશ કરી ફરીયાદીના સગીર વયના દિકરા ભોગ બનનાર 'આર' ઉ.વ.૧૫નું બાવડું ઘરારથી પકડી મોટર સાઈકલમાં બેસાડી દઈ, તેને મારી નાખવાના ઈરાદે અપહરણ કરી થોડે દુર સુધી લઈ જતાં સગીર ભોગ બનનારે રાડો પાડતાં, સાહેદોએ ભેગા થઈ ભોગ બનનારને છોડાવી લેતાં, આરોપીએ જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી પોતાના નેફામાંથી છરી જેવો કોયતો કાઢી કહેલ કે, આજે બધાએ ભોગ બનનાર 'આર'ને છોડાવી લીધો છે પણ પાછો હાથમાં આવશે એટલે ઉપાડી લઈ જશે અને આ કોયતાથી મારી નાખશે તેવી ધમકી આપી તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ.

(૩) આ કામે ફરીયાદીની ફરીયાદ અન્વયે પોલીસ ઘ્વારા તપાસની કાર્યવાહી કર્યા બાદ હાલના આરોપી વિરૂઘ્ધ સદર ગુન્હા અંગેનું ચાર્જશીટ જે તે સમયના નિયમો/હકુમત અનુસાર જુનાગઢની નામદાર સ્પેશ્યલ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ, જે જુનાગઢ મુકામે સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૨૭/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ. ત્યારબાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની તમામ નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલી છે અને આરોપી સામે આંક–૨૦ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૪, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૮, ૧૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબ તહોમતનામું ફરમાવી, તથા આંક–૨૧ થી આરોપીની પ્લી લેતાં, તેમાં આરોપીએ ગુનાની કબુલાત કરેલ નથી. ત્યારબાદ સદર કામ જુનાગઢ થી અત્રે કેશોદ મુકામે તબદીલ થઈ આવતાં, અત્રે સ્પેશ્યલ (પોકસો) કેસ નં.૦૫/૨૦૨૨ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ, અને આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કેસમાં ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના સાહેદોના મૌખિક પુરાવા નોંધવામાં આવેલા છે, તેમજ ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| અ. નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ રાજેશભાઈ અમરાભાઈની જુબાની | ૩૮ |
| ૨ | મેડીકલ ઓફિસર ડો.ઈરફાનભાઈ યુસુફભાઈ મહીડાની જુબાની | ૪૧ |
| ૩ | પંચ સાહેદ આમદભાઈ દાઉદભાઈની જુબાની | ૪૫ |
| ૪ | પંચ સાહેદ રામજીભાઈ વિરજીભાઈ ડાભીની જુબાની | ૪૯ |
| ૫ | ફરીયાદી જમનાબેન સુરેશભાઈ માકડીયાની જુબાની | ૫૧ |
| ૬ | સાહેદ સુરેશભાઈ ગોવિંદભાઈ માકડીયાની જુબાની | ૫૪ |
| ૭ | સાહેદ ગીતાબેન મનોજભાઈ મેવાડાની જુબાની | ૫૫ |
| ૮ | સાહેદ ચંદ્રિકાબેન રાજેશભાઈ મેવાડાની જુબાની | ૫૬ |
| ૯ | સાહેદ રજનીકાંત હરીભાઈ મેવાડાની જુબાની | ૫૭ |
| ૧૦ | સાહેદ ગોવિંદભાઈ સીદીભાઈ મકડીયાની જુબાની | ૬૧ |
| ૧૧ | સાહેદ કારીબેન મુંજાભાઈ મેવાણીની જુબાની | ૬૩ |
| ૧૨ | સાહેદ સંગીતાબેન હરીભાઈ મેવાડાની જુબાની | ૬૪ |
| ૧૩ | ભોગ બનનાર 'આર' S/o. સુરેશભાઈની જુબાની | ૬૫ |
| ૧૪ | પી.એસ.ઓ. હસ્મીતાબેન ગોવિંદભાઈ ચોચાની જુબાની | ૬૬ |
| ૧૫ | ત.ક.અધિકારી ચંદુભાઈ મેરાભાઈ ગમારની જુબાની | ૭૩ |

**(બ) દસ્તાવેજી પુરાવો :–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | બનાવ વાળી જગ્યાનું પંચનામું | ૩૯ |
| ૨ | ભોગ બનનારની મેડીકલ તપાસણી માટે પોલીસ યાદી | ૪૨ |
| ૩ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ | ૪૩ |
| ૪ | ભોગ બનનારનું મેડી.સર્ટી મેળવવા પોલીસ યાદી | ૪૪ |
| ૫ | આરોપીને અટક કર્યા તથા છરી અને મોટર સાઈકલ કબજે કર્યાનું પંચનામું | ૪૬ |
| ૬ | ફરીયાદ | ૫૨ |
| ૭ | સ્ટેશન ડાયરીની ખરીનકલ | ૬૭ |
| ૮ | તપાસ સોંપણી યાદી | ૬૮ |
| ૯ | ભારે ગુન્હાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૬૯ |
| ૧૦ | એફ.આઈ.આર.ની ખરીનકલ | ૭૦ |
| ૧૩ | ગુન્હો રજીસ્ટર કરવા અંગેનો રીપોર્ટ | ૭૪ |
| ૧૪ | ભોગ બનનારના જન્મ પ્રમાણપત્રની નકલ | ૭૫ |
| ૧૫ | અપહરણ થનાર બાબતે બહોળી પ્રસિધ્ધીનું ફોર્મ | ૭૬ |
| ૧૬ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા બાબતે કરેલ પોલીસ યાદી | ૭૭ |
| ૧૭ | મોટર સાઈકલના રજી.સર્ટીફીકેટની નકલ | ૭૮ |
| ૧૮ | અધીક જીલ્લા મજી.શ્રીના જાહેરનામાની નકલ | ૭૯ |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરશીસ આંક–૮૦ થી રજુ કરેલી છે.

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–

૩૧૩ મુજબનું વિશેષ નિવેદન પ્રશ્નોત્તરી સ્વરૂપે નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાની વિરૂધ્ધના ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે, તેમજ તેઓએ પોતાના બચાવમાં સોગંદ ઉપર પુરાવો આપવા કે બચાવના સાહેદો તપાસવા ઈન્કાર કરેલ છે, તેમજ વિશેષમાં તેઓ નિર્દોષ છે, તેઓને છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એન. કે. પુરોહિત તથા બચાવ પક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી આર. બી. ખાણીચાની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળી.

(૭) ઉપરોકત હકીકત જોતાં, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયનો હતો ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીના પત્ની(ફરીયાદીના બહેન) તથા બાળકોનું તા.૦૧ –૧૧–૨૦૧૭ના રોજ મર્ડર થયેલ હોય, તે બાબતે આરોપીની વાડીએ કામ કરતા મહેન્દ્ર ઉર્ફે જીકો દેવાભાઈને અટક કરાયેલ હોય, પરંતુ તે મર્ડર અંગે આરોપીએ ખોટી શંકાઓ કરી, આ કામના ફરીયાદી જમનાબેન તથા તેના માતા–પિતાને સંડોવી દેવા ખોટી શંકાઓ કરી, અવાર–નવાર હેરાન કરી, ત્યારબાદ તા.૧૬–૦૪–૨૦૧૮ના રોજ સવારના ૮:૩૦ વાગ્યાના અરસામાં માંગરોળ શાપુર દરવાજા વણકરવાસ વિસ્તારમાં ફરીયાદી તથા તેના પરિવારજનો ઘરે હાજર હતા ત્યારે આરોપીએ તે વિસ્તારમાં આવી,

ફરીયાદીના પડોશી–સાહેદ રજનીભાઈ હરીભાઈ તથા ગીતાબેન મનોજભાઈને એવું કહેલ કે, ફરીયાદી જમનાબેનના દિકરાને તે ઉપાડીને લઈ જશે અને મારી નાખશે તેમ કહી આરોપી ત્યાંથી જતા રહેલ, અને ફરી તે જ દિવસે સાંજે ૬:૧૫ વાગ્યાના અરસામાં આરોપીએ પોતાના હવાલાની મોટર સાઈકલ નં. જીજે–૧૧–બીસી–૪૧૨૨ માં આવી, ફરીયાદીના ઘરના ફળીયામાં અપપ્રવેશ કરી ફરીયાદીના સગીર વયના દિકરા ભોગ બનનાર'આર' ઉ.વ.૧૫ નું બાવડું ઘરારથી પકડી મોટર સાઈકલમાં બેસાડી દઈ, તેને મારી નાખવાના ઈરાદે અપહરણ કરી થોડે દુર સુધી લઈ જતાં સગીર ભોગ બનનારે રાડો પાડતાં, સાહેદોએ ભેગા થઈ ભોગ બનનારને છોડાવી લેતાં, આરોપીએ જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી પોતાના નેફામાંથી છરી જેવો કોયતો કાઢી કહેલ કે, આજે બધાએ ભોગ બનનાર 'આર'ને છોડાવી લીધો છે પણ પાછો હાથ માં આવશે એટલે ઉપાડી લઈ જશે અને આ કોયતાથી મારી નાખશે તેવી ધમકી આપી તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૪, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૮, ૧૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણય તથા કારણો નીચે મુજબ છે :

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

## -:: કારણો ::-

**મુદ્દા નં.૧ :**

(૯) બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યાં તથા બંને પક્ષની મૌખિક દલીલો સાંભળી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, ભોગ બનનાર 'આર' સગીર વયનો છે તેમ દર્શાવવા આ કામે ફરીયાદ પક્ષે આંક-૭૫ થી ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે, જેમાં ભોગ બનનારની જન્મ તા.૦૫-૦૮-૨૦૦૩ દર્શાવેલ છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબનો હાલનો બનાવ તા.૧૬-૦૪-૨૦૧૮ના રોજ બનવા પામેલ છે. બનાવ વખતે ફરીયાદમાં દર્શાવ્યા મુજબ ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષ હોવાનું જણાવેલ છે. અન્ય તપાસવામાં આવેલ સાહેદોના પુરાવામાં તથા એફ.આઈ.આર.માં પણ ભોગ બનનારની ઉંમર ફરીયાદ આપતી વખતે વખતે ૧૫ વર્ષ હોવાનું જણાવેલ છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત તથા ફરીયાદ પક્ષે રજુ ઉપરોકત આધારભૂત દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી, એટલે કે, ૧૫ વર્ષની સગીર વય હોવાનું ફલીત થાય છે. કાયદાની જોગવાઈ અનુસાર ભોગ બનનાર સગીર ન હતા તેવું પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષે રહેલ છે, પરંતુ આરોપી પક્ષ તરફથી ભોગ બનનાર સગીર ન હતા તેવું પુરવાર કરવા માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી, કે તેવો કોઈ ખંડનાત્મક પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી, તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયેના વિશેષ નિવેદનમાં પણ આ અંગે કોઈ રજુઆત થયેલ નથી. ઉપરોકત તમામ

હકીકતો ને મુદ્દા નં.૧ સાથે સાંકળતા, આંક–૭૫ થી ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર ધ્યાને લેતાં, ભોગ બનનાર સગીર છે અને તેની ઉંમર બનાવ સમયે ૧૫ વર્ષની હોવાનું ફલીત થાય છે અને તેના આધારે મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ :**

(૧૦) રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, સૌપ્રથમ સદર કામે ફરીયાદ પક્ષે આંક–૩૮થી પંચ સાહેદ રાજેશભાઈ અમરાભાઈને તપાસેલા છે, તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં આંક–૩૯ થી રજુ બનાવ વાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ, સદર પંચનામાની અન્ય કોઈ હકીકતને તેઓ સમર્થનકારક પુરાવો આપતા નથી, અને ફરીયાદ પક્ષે મજકુર પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિધ્વાન ડી.જી.પી.શ્રી ધ્વારા સુચક પ્રશ્નો પુછી મજકુરની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં પણ મજકુર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. ત્યારબાદ આરોપી તરફેની ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરવા સિવાય બીજું કશુ તેઓ જાણતા નથી.

(૧૧) ફરીયાદ પક્ષે આંક–૪૧થી ભોગ બનનાર બાળકની તબીબી તપાસણી કરનાર મેડીકલ ઓફિસર ડો.ઈરફાનભાઈ યુસુફભાઈ મહીડાને તપાસેલા છે, તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૧૭–૦૪–૧૮ના રોજ માંગરોળ સી.એચ.સી. માંગરોળ ખાતે તેમની ફરજ પર હતા, ત્યારે સી.પી.આઈ. માંગરોળ તરફથી માંગરોળ પો.સ્ટે. ફર્સ્ટ–૧૮/૧૮ના કામના ભોગ બનનારની મેડીકલ પરીક્ષણ કરવા યાદી તેઓ તરફ આવેલ, જે રીસીવ કરનાર તરીકે તેઓ પોતાની સહી ઓળખી બતાવી આંક–૪૨ થી રજુ રાખે છે. ભોગ

બનનારને તેઓ પાસે પોલીસ અશોકભાઈ લાવેલા અને ભોગ બનનારને તેઓએ બનાવ બાબતે પુછતાં તેઓને જણાવેલ કે, ''ગઈ કાલે સાંજે હુ મારા ઘરે ફળીયામા રમતો હતો અને દેવરાજ આવી ગ્યો પછી મને કીધું કે, હાલને હાલ હું ભાગ્યો તેણે છરી કાઢી હું ડરીને એની ગાડીમાં બેસી ગયો, મે દેકારો કર્યો કે મને ઉપાડી જાયે એટલે આજુબાજુના એરીયા વાળાએ મને છોડાવ્યો અને ઈ ભાગી ગ્યો. મને કાઈ તકલીફ થતી નથી.'' તેઓ વધુમાં જણાવે છે કે, તેના શરીર ઉપર જોતા બાહય કે આંતરીક ઈજાના નિશાન જોવામાં આવેલ નહીં. તેઓએ મેડીકલ સર્ટી તૈયાર કરેલ, જે તેઓએ પોતાની સહી તથા સીકકો ઓળખી બતાવી આંક–૪૩ થી તથા મેડીકલ સર્ટી મેળવવા બાબતેની પોલીસ યાદી આંક–૪૪ થી રજુ રાખેલ છે.

સદર મેડીકલ ઓફિસરશ્રીએ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારને તેઓ પાસે લાવેલ તેને કોઈ બાહય કે આંતરીક ઈજાઓ ન હતી.

(૧ર) ફરીયાદ પક્ષે આંક–૪પ થી પંચ સાહેદ આમદભાઈ દાઉદભાઈ તથા આંક–૪૯ થી પંચ સાહેદ રામજીભાઈ વિરજીભાઈ ડાભીને તપાસેલા છે, તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં આંક–૪૬ થી રજુ આરોપીને અટક કર્યા તથા મુદ્દામાલ છરી તથા મોટર સાઈકલ કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ, સદર પંચનામાની અન્ય કોઈ હકીકતને તેઓ સમર્થનકારક પુરાવો આપતા નથી, અને ફરીયાદ પક્ષે મજકુર પંચ સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિધ્વાન ડી.જી.પી.શ્રી ધ્વારા સુચક પ્રશ્નો પુછી મજકુરની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં પણ મજકુર પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. ત્યારબાદ આરોપી તરફેની ઉલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામા

માં સહી કરેલી.

(૧૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે આ કામના મૂળ ફરીયાદી જમનાબેન સુરેશભાઈ માકડીયાને આંક–૫૧ થી તપાસેલા છે, તેણીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેણી માંગરોળ વણકરવાસમાં તેના પતિ સાથે રહે છે, તેમને સંતાનમાં એક દિકરો(ભોગ બનનાર 'આર') અને એક દિકરી નીશા છે. તેણીના માતા–પિતા રાજકોટ રહે છે, તે પાંચ બહેનો છે, જેમાં સૌથી મોટી તેણી, તેનાાથી નાની શારદાબેન, કિરણબેન, મનિશાબેન અને સૌથી નાની શિલ્પાબેન છે. તેણીના નાના બહેન શારદાબેન માનખેત્રા મુકામે સાસરે રહે છે. આરોપી દેવરાજભાઈ તેણીના બહેન શારદાબેનના ઘરવાળા છો, તેથી તેણી આરોપીને ઓળખે છે. બનાવ ત્રણ–ચાર વર્ષ પહેલા બનેલ, ચોકકસ તારીખ તેમને યાદ નથી. બનાવના દિવસે તેણી તેના ઘરે પ્રથમ માળે હતી અને ગ્રાઉન્ડ ફલોર પર તેણીના સાસુ–સસરા રહે છે. બનાવના દિવસે તેણીને તેમની શેરી માં રહેતા લોકોએ તેના ઘરે આવી વાત કરેલ કે, ''દેવરાજ અમોને ગાળો દે છે અને કહેતો હતો કે, તમારા છોકરાનું મારે અપહરણ કરવું છે, તેવું કહેલ, તો અમો બધાએ કહેલ કે, તું તેના ઘરે જઈને કહેને અમોને શું કામ કહે છે''. ત્યારબાદ આરોપી દેવરાજ જતા રહેલ અને તે દિવસે સાંજે તેમની શેરીમાં મોટર સાઈકલ લઈને આવેલો. તણીનો દિકરો ભોગ બનનાર 'આર' રમીને શેરીમાંથી પસાર થઈ રહયો હતો અને તે રાડો પાડતો હતો. જેથી તેઓ બધા ઘરની બહાર ભેગા થઈ ગયેલ હતા અને ભોગ બનનાર 'આર'એ તેણીને જણાવેલ કે, દેવરાજ પકડીને લઈ જાય છે. અને તેણીએ પણ પોતાના દિકરા ભોગ બનનાર 'આર' ને પકડીને લઈ જતો હતો તેવુ નજરે જોયેલ અને તેથી તેણીએ તેના દિકરા ભોગ બનનાર 'આર'ને ખેંચી લીધેલો. ત્યારબાદ ભોગ બનનાર 'આર' ત્યાંથી જતો રહેલો. આ બનાવ બન્યો તે સમયે બુમાબુમ થતા તેમની શેરીમાં ઘણા લોકો ભેગા થઈ ગયેલ હતા. ફરીયાદી વધુમાં જણાવે છે કે, આ બનાવ બન્યો તે સમયે ભોગ બનનાર 'આર'ની ઉંમર આશરે ૧૪–૧૫ વર્ષની હશે, તે સમયે

તે દસમા ધોરણમાં ભણતો હતો. આ બનાવ બનવાથી ઘણા બધા લોકો ભેગા થઈ ગયા હતા. આ દરમ્યાન બનાવ બન્યો ત્યારે  આરોપી દેવરાજે છરી કાઢેલી અને તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપી તેના વાહન પર ત્યાંથી નાસી ગયેલ. શારદાબેનની તેના ઘરનાઓએ હત્યા કરી નાખેલ. આ બનાવ શારદાબેનના બનાવના હીસાબે હાલના કામના આરોપી તેમને ધમકી દેવા આવતા અને કહેતા હતા કે, ''આમાં તમારો હાથ છે''. આરોપી જતા જતા એવું કહેતો હતો કે, ''આજે તો તમે તમારા છોકરાને બચાવી લીધેલ, પાછો તારો દિકરો ભેગો થાશે ત્યાં હું તેને મારી નાખીશ''. તેણીએ તેના ઘરવાળાને બનાવની વાત કરેલ હતી અને ત્યારબાદ પોલીસ સ્ટેશને આ બાબતે ફરીયાદ આપેલી, ફરીયાદ તેણીના લખાવ્યા અને જણાવ્યા મુજબની પોલીસે નોંધી લીધેલી અને નોંધી લીધા બાદ વાંચી સંભળાવેલ, ત્યારબાદ તેમાં તેણીની સહી લેવામાં. જે અસલ ફરીયાદ તેણીએ પોતાની સહી ઓળખી બતાવી આંક–પર થી રજુ રાખેલ છે. ફરીયાદીએ આ બનાવ બનવાનું કારણ એવુ જણાવેલ છે કે, આરોપીને એવી શંકા હતી કે, તેની ગુજરનાર પત્નિ (ફરીયાદીની બહેન) શારદાબેનની હત્યામાં તેઓ સામેલ હતા, તેવી શંકાઓ રાખી આવા મતલબનો બનાવ બનેલો, અને આરોપી તેમને ધમકી આપી હેરાન–પરેશાન કરતા હતા. પોલીસે ફરીયાદ આપ્યા બાદ પણ તેમની વિશેષ પુછપરછ કરેલ, તેમાં બનેલ બનાવની હકીકત જણાવેલી. તેઓએ કેસ દાખલ કર્યા બાદ તેમની સાથે બીજો કોઈ બનાવ બનેલ નથી તેમ જણાવી તેણીએ અદાલત સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે.

સદર ફરીયાદીએ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આરોપી જયારે તેમને ગાળો દેતો હતો તે સમયે તેણીના સાસુ–સસરા નીચેના મકાનમાં હાજર હતા. એ વાત ખરી છે કે, તેણીની બહેન શારદા જયારે હયાત હતી ત્યારે તેઓ તેમના ઘેર અવર–જવર કરતા હતાં. એ વાત ખરી છે કે, શારદાના મૃત્યુનો વહેમ રાખીને દેવરાજભાઈ તેઓને વારંવાર ગાળો દેતા તથા શંકાઓ રાખતાં

તેવા મતલબની ઈલાયદી કોઈ ફરીયાદ તેઓએ કરેલ નહીં.

(૧૪) ફરીયાદ પક્ષ તરફે સાહેદ સુરેશભાઈ ગોવિંદભાઈ માકડીયા પોતાની આંક-૫૪ની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ માંગરોળ માં વણકરવાસ શાપુર દરવાજા ખાતે તેમના કુટુંબ પરીવાર સાથે રહે છે અને મજુરી કામ કરે છે. તેમને સંતાનમાં એક દિકરો(ભોગ બનનાર 'આર') અને દિકરી નીશા છે. બનાવ તા.૧૬-૦૪-૧૭ના રોજ બનેલો, બનાવના દિવસે તેઓ તેમના ઘરે તેમના પત્ની અને બાળકો સાથે ઉપરના માળે હતા અને તેમના માતા-પિતા નીચેના માળે હતા. તેમની બાજુમાં રહેતા અને રીક્ષા હાંકતા રજનીભાઈ તેમના ઘરે આવેલા અને કહેલ કે, આરોપી દેવરાજ સોમા તેઓના દિકરાને કીડનેપ કરવાનું કહે છે. જમનાબેન તેમના પત્નિ છે, તેને કહેલું. ત્યારપછી દેવરાજભાઈ ભાગી ગયેલા. તેઓ ઉપરથી નીચે ઉતરેલ, ત્યાં રજનીભાઈ, ગીતાબેન અને મનોજભાઈ હતા. ઉપરોકત બનાવ સવારના ૮:૩૦ વાગ્યાના અરસામાં બનેલ હતો તેમ જણાવી તેઓએ અદાલત સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, સાંજે છ-સાડા છ વાગ્યાના અરસામાં દેવરાજભાઈ તેઓની શેરીમાં આવેલા અને આરોપીએ તેઓના દિકરા ભોગ બનનાર 'આર' ને ઉપાડવાની કોશિષ કરેલી અને તેને ઉપાડીને મોટર સાઈકલમાં બેસાડવાનો પ્રયત્ન કરેલો. આજુબાજુ વાળા ભેગા થઈ ગયેલા અને દેકારો થઈ ગયેલો અને દેવરાજ સ્કુટર લઈને ચાલ્યા ગયેલ. તેના ગાડીના નંબર હાલ તેઓને યાદ નથી. પોલીસે તેઓની પુછપરછ કરી નિવેદન નોંધેલું. આરોપી દેવરાજભાઈએ શા કારણે આવું કરેલ તેની તેમને ખબર નથી.

આમ, સદર સાહેદ પોતાના પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને સંપૂર્ણપણે સમર્થન કરતા ન હોય, તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે, અને ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન ડી.જી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં મજકુર સાહેદ સુરેશભાઈ ગોવિંદભાઈ માકડીયા એ

હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ તેમના તા.૧૭–૦૪–૧૮ના પોલીસ રૂબરૂના નિવેદનમા એવું લખાવેલ કે, મને સવારે સાડા આઠ વાગ્યે ગીતાબેન મનોજભાઈએ વાત કરેલ કે, હું હમણા અમારા ઘરની આગળ આવેલ સિમેન્ટ રોડ ઉપર હાજર હતો ત્યારે તમારા બનેવી દેવરાજભાઈ તેની મોટર સાઈકલ લઈને નીકળેલ અને કહેતા હતા કે, જમનાબેનના છોકરાને હું ઉપાડીને લઈ જઈશ અને મારી નાખીશ, તેમ કહેતા હતા. તેઓ, તેમની પત્ની તથા તેમનો દિકરો ચિંતામાં મુકાઈ ગયેલ હતા. વિધ્વાન ડી.જી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં મજકુર સાહેદ સુરેશભાઈ ગોવિંદભાઈ માકડીયા એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, સાંજે તેઓ બધા ઘરે હતા ત્યારે તેમનો દિકરો ઘરની બહાર રમતો હતો અને તેમનો સાઢુભાઈ(આરોપી) તેનું મોટર સાઈકલ લઈને પાછો આવેલ અને ભોગ બનનાર 'આર'ને કહેલ કે, ''હાલ મારી ગાડીમા બેસી જા'' તેમ કહી ભોગ બનનાર 'આર'નું ઘરારથી બાવડુ પકડી મોટર સાઈકલમાં બેસાડી દીધેલ. થોડે દુર લઈ જતાં ભોગ બનનાર 'આર'એ રાડારાડી કરતા તેઓની પાડોશમાં રહેતા ચંદ્રીકાબેન, કુંવરબેન, સંગીતા બેન, કારીબેન વગેરે વાસના લોકો ભેગા થઈ ગયેલા અને દેકારો થતા તેઓ પણ દોડીને ગયેલા, તેઓએ જોયું તો ભોગ બનનાર 'આર' આરોપી દેવરાજભાઈની મોટર સાઈકલમાં હોય, તેઓએ દેવરાજભાઈની મોટર સાઈકલ આડી રોકાવી કહેલ કે, ''તમે ભોગ બનનાર 'આર'ને કયા લઈ જાવ છો? તેને નીચે ઉતારો'' એવું કહેતા આરોપી દેવરાજ ગુસ્સામાં હોય, જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલવા લાગેલ. આ સમયે લાગ જોઈ ભોગ બનનાર 'આર' ગાડીમાંથી નીચે ઉતરી ગયેલ અને આરોપી દેવરાજભાઈએ તેના નેફામાંથી છરી જેવો દેખાતો કોયતો કાઢી કહેલ કે, ''આજે તમે છોડાવી દીધેલ, પાછો આવશે તો ઉપાડી જઈશ''. તેમણે એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, બનાવ બનવાનું કારણ એવું છે કે, તેઓના સાઢુભાઈ દેવરાજ(આરોપી)ના ઘરમાં તેઓના સાળી શારદાબેન સાસરે હતા

અને ત્યારે તેને દેવરાજની વાડીમાં કામ કરતા જીકો રૂદલપુર વાળાએ તા.૦૧–૧૧–૧૭ના રોજ મારી નાખતાં, તેમાં તેઓના સાસુ–સસરા વગેરેને સંડોવી દેવા માટે ખોટી શંકાઓ કરી તેઓનો દિકરો ભોગ બનનાર 'આર' ઘરના ફળીયામાં રમતો હતો ત્યારે આરોપી દેવરાજ બાવડુ પકડી મોટર સાઈકલમાં મારી નાખવાના ઈરાદે બેસાડી અપહરણ કરી લઈ ગયેલ.

સદર સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, દેવરાજભાઈને આ બનાવ અગાઉ ૧૭ વર્ષથી તેઓ ઓળખે છે, સદરહુ ૧૭ વર્ષના ગાળામાં તેમને તથા દેવરાજભાઈને કોઈ મનદુ:ખ થયેલ નથી કે કેસો થયેલા નથી. એ વાત ખરી છે કે, તેમના પાડોશીએ વાત કરેલ તે મુજબ દેવરાજભાઈ ત્યાં આવેલ હતા કે નહીં તે તેમણે નજરે જોયેલ નહીં. એ વાત ખરી છે કે, દેવરાજભાઈ ભોગ બનનાર 'આર'ના માસા થાય છે, બનાવ સમયે રાહુલ ૧૫ વર્ષનો હતો, બનાવ વખતે રાહુલનું વજન કેટલું હશે તે તેમને ખ્યાલ નથી.

(૧૫) ફરીયાદ પક્ષે સાહેદ ગીતાબેન મનોજભાઈ મેવાડાને આંક–૫૫ થી તપાસેલા છે, તેણીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ત્રણ–ચાર વર્ષ પહેલા બનેલો, તેની ચોકકસ તારીખ, સમય અને સાલ યાદ નથી. બનાવ વખતે તેણી સવારે તેના ઘરનું ફળીયું વાળતી હતી. એક ભાઈ ગાળો બોલતા હતા, તેની પાસે ટુ વ્હીલ વાળી ગાડી હતી. ગાળો બોલવા સિવાય શું બોલતા હતા તેની તેણીને ખબર નથી. તે જમનાબેનના સગા થતા હતા. તેણીએ પુછેલું કે, ''તમે કોને ગાળ આપો છો'', તો તેણે કહેલ કે, ''જમનાબેનને આપું છું'', તો તેમના ઘરે જઈને આપો. ત્યારબાદ તેણી તેના ઘરનુ ફળીયું વાળી ઘરમાં અંદર જતી રહેલ. આ વાત તેણીએ કોઈને કહેલ નહીં. ત્યારબાદ બીજો કોઈ બનાવ બનેલ હોય તેવું તેણીના ધ્યાન ઉપર આવેલ નથી. તેની હાજરીમાં કોઈએ કોઈ બાળકને લઈ જતું હોય અને તેની રાડારાડ થતા તેણી તથા તેના લત્તાના અન્ય લોકો દોડીને ગયેલ હોય

તે બાળકના વાલી પણ આવી ગયેલ હોય અને કોઈ બોલાચાલી કે ગાલી ગલોચ થયેલ હોય તેવું તેણીએ જોયેલ નહીં. સવારે તેણીના આંગણાની બહાર આવીને ગાળો બોલતા વ્યકિતને તેણી જોયે ઓળખતી નથી.

આમ, સદર સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને કે ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના સરતપાસના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે સદર સાહેદને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિદ્વાન પી.પી.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેણી ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે તેણીનું નામઠામ પુછેલ, તે સિવાય બીજું કશું પુછેલ નહીં, તેણીએ આક્ષેપિત બનાવ નજરે જોયેલ નહીં.

(૧૬) ફરીયાદ પક્ષે સાહેદ ચંદ્રીકાબેન રાજેશભાઈ મેવાડાને આંક–પ૬થી તપાસેલ છે, તેણીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૨૦૧૮ની સાલમાં બનેલો, બનાવની તારીખ અને માસ ચોકકસ તેને યાદ નથી. બનાવના દિવસે તેઓ તેમના ઘરે જ હતા અને તેમના ઘરની બહાર હો હો ગોકીરાનો અવાજ આવતા તેણી ઘરની બહાર નીકળેલ, બહાર નીકળીને જોયું તો ઘણા માણસો ભેગા થઈ ગયેલા. તેણીના સાસુ બિમાર હતા અને તેણી રૂમમાં અંદર ચાલી ગયેલ. સાંજના છ વાગ્યા પછી દેવરાજભાઈ તેમની શેરીમાં આવેલા અને તે બાઈક લઈને આવેલા અને ત્યારે પાછો દે દેકારો થતો હતો. પોલીસે તેણીની કોઈ પુછપરછ કરેલ નથી.

આમ, સદર સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની

હકીકતને કે ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના સરતપાસના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે સદર સાહેદને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી ધ્વારા સુચક પ્રશ્નોથી તેણીની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેણીએ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, બનાવના દિવસે તેમની બાજુમાં રહેતા કુંવરબેન અમરશીભાઈ તેમના ઘરે આવેલા અને વાતો કરતા હતા અને ગીતાબેન તેમના ઘરે આવેલા, પછી તેણી તેના ઘરની બહાર ફળીયામાં સાફ–સફાઈ કરતી હતી અને રજનીભાઈ મેવાડા રીક્ષા સાફ કરતા હતા અને આરોપી દેવરાજભાઈ મોટર સાઈકલ લઈને આવેલ અને કહેતા હતા કે, ''જમનાબેનના છોકરાને ઉપાડીને લઈ જઈશ અને મારી નાખીશ'', જેથી તેઓએ કહેલ કે, ''તુ અમને શુ કામ કહે છે, કહેવું હોય તો જમનાબેનને કહે''. ત્યારબાદ દેવરાજભાઈ તમારૂ મોટર સાઈકલ લઈને નીકળી ગયેલ. એ વાત ખરી છે કે, બનાવના દિવસે સાંજે છએક વાગ્યે તેણી તેના ઘરે કામ કરતી હતી અને ભોગ બનનાર 'આર' ઘરના આંગણા પાસે આવેલ ફળીયામાં રમતો હતો અને દેવરાજ પાછા મોટર સાઈકલ લઈને આવેલ અને કહેલ કે, ''હાલ મોટર સાઈકલ પર બેસી જા'' એમ કરતા ભોગ બનનાર 'આર'ને મોટર સાઈકલ ઉપર બેસાડી થોડે દુર જતાં ભોગ બનનાર 'આર' રાડારાડો કરતા તેણી, કુંવરબેન આવી જતા દેકારો થતા જમનાબેન તથા સુરેશભાઈ આવી જતા દેવરાજભાઈની મોટર સાઈકલની આડા પડી ભોગ બનનાર 'આર'ને છોડાવેલ. દેવરાજ ગુસ્સામાં હતા અને જેમફાવે તેમ ગાળા ગાળી કરતા હતા અને આરોપીએ તેના પેન્ટના નેફામાંથી છરી જેવું હથીયાર કાઢેલું અને ધમકી આપતા–આપતા જતા રહેલ અને કહેલ કે, ''આજે તો તમે ભોગ બનનાર 'આર'ને છોડાવી દીધેલ, મોકો મળ્યેથી પાછો ઉપાડી જઈશ'' તેમ જણાવી તેણીએ અદાલત સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે.

સદર સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,

તેણી આંગણવાડીમા હેલ્પર તરીકે વ્યવસાય કરે છે. તેણી જે વિસ્તારમા રહે છે તે વિસ્તારમાં આંગણવાડી નથી, બીજા વિસ્તારમાં છે. તેણીના ઘરથી આંગણવાડી જતા પંદર–વીસ મીનીટ લાગે. બનાવના દિવસે આંગણવાડી નો સમય સવારે ૯:૩૦ થી બપોરના ૩:૦૦ સુધીનો હતો. એ વાત ખરી છે કે, આંગણવાડીમાં હેલ્પર તરીકે નોકરી કરતા હોય તેણે તેના ર્નિધારીત નોકરીના સમયથી એક કલાક વહેલા જવું પડે. એ વાત ખરી છે કે, તેણી તેના ઘરે કામકાજ પતાવીને આંગણવાડી જતી રહેલ. એ વાત ખરી છે કે, આ બનાવ અંગે પોલીસે તેની પુછપરછ કરેલ નહીં. બે જણા લખાવવા આવેલા, પરંતુ ખબર ન હતી કે, આ પોલીસ વાળા છે, આ બે જણા શેરીમાં લખાવવા આવેલા, તેમના ઘરે આવેલા નહીં. એ વાત ખરી છે કે, આ બનાવ અંગે તેણી કાંઈ જાણતી નથી.

(૧૭) ફરીયાદ પક્ષે સાહેદ રજનીકાંત હરીભાઈ મેવાડાને આંક–૫૭ થી તપાસેલા છે, તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ તેમના ઘરેથી રીક્ષા કાઢતા હતા અને તેમના ઘરના રસ્તા પાસેથી દેવરાજભાઈ નીકળેલા અને દેવરાજભાઈ ગીતાબેન, કુંવરબેન સાથે વાતો કરતા હતાં. તેઓએ ઘ્યાન આપેલ નહીં અને તેઓએ જણાવેલ કે, તમે સાઈડમાં જાવ. તેઓ તેમની રીક્ષા લઈ બંદરે જતા રહેલ. એવું બનેલ નહીં કે, તેમની હાજરીમાં કોઈએ કોઈને ધમકી આપેલ હોય અને તે તેઓએ જોયેલ સાંભળેલ હોય અને કોઈને ઉપાડી જવાની વાત સાંભળેલ હોય તેવું બનેલ નહીં. તેઓ તેમના ઘરે સાંજે આવેલ હોય અને તેમના માતાએ કાંઈ કહેલ હોય તેવું બનેલ નથી. પોલીસે તેમની પુછપરછ કરી નિવેદન નોંધેલ.

આમ, સદર સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને કે ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના સરતપાસના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય,

ફરીયાદ પક્ષે સદર સાહેદને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિદ્વાન પી.પી.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ અંગે તેમને કોઈ જાતમાહિતી નથી.

(૧૮) ફરીયાદ પક્ષ તરફે સાહેદ ગોવિંદભાઈ સીદીભાઈ મકડીયા પોતાની આંક–૬૧ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી સાત વર્ષ પહેલા બનેલો. બનાવ વખતે તેઓ તથા તેમની પત્ની તથા અન્ય ઘરના સભ્યો ઘરે હતા. આ સમયે આ કામનો આરોપી મોટર સાઈકલ લઈને તેમના ઘર આગળથી નીકળેલો, ત્યારે તેઓ તથા તેમની ઘરવાળી ઘરની બહાર ઉભા હતા, ત્યારે આરોપી છરી મારવી છે, છરી મારવી છે તેવું બોલતો મોટર સાઈકલ લઈને નીકળી ગયેલો. સાંજના ૪:૦૦ વાગ્યે તેઓના દિકરા સુરેશના દિકરા ભોગ બનનાર 'આર'ને દેવરાજ સોમા ઉપાડવા આવેલ. તેવી વાત તેઓને ભોગ બનનાર 'આર'એ કરેલી. આરોપી દેવરાજ સોમા તેઓના દિકરા સુરેશના દિકરા ભોગ બનનાર 'આર'ના માસા થાય છે. ભોગ બનનાર 'આર'એ બુમાબુમ કરતા દેવરાજ સોમા તેને મુકીને ચાલ્યા ગયેલ. પોલીસે તેમનું નિવેદન લીધેલ કે કેમ તે તેમને યાદ નથી તેમ જણાવી તેઓએ અદાલત સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે.

સદર સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, પોલીસે તેમનું નિવેદન લીધેલ કે કેમ તે તેમને યાદ નથી, યાદ કરવું પડે. એ વાત ખરી છે કે, આ કામના ફરીયાદી જમનાબેન તેમના છોકરાના વહુ થાય છે. એ વાત ખરી છે કે, આરોપી ભોગ બનનાર 'આર' પાસે પહોંચ્યા પછી તેને મોટર સાઈકલ ઉપર બેસાડતા હોય તેવું તેમણે જોયેલ નહીં. એ વાત ખરી છે કે, તેઓએ આરોપી પાસે છરી પણ જોયેલ નહીં.

(૧૯) ફરીયાદ પક્ષે સાહેદ કારીબેન મુંજાભાઈ મેવાણીને આંક–૬૩ થી તપાસેલા છે, તેણીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના દિવસે દેવરાજભાઈ તેમની શેરીમાં આવેલ અને તે ગેરશબ્દ બોલતો હતો, અને તેણીએ તેને પુછેલું કે, તું આ ગેરશબ્દ કોને બોલે છો. તો તેણે કહેલ કે, હું સુરજભાઈને બોલુ છું. પછી તેણી પોતાના ઘરે જતી રહેલી. ત્યારબાદ શું બનેલું, કયારે બનેલું તેની તેને કોઈ ખબર નથી. તેની હાજરીમાં કોઈ બનાવ બનેલ હોય કે કોઈ હથીયાર બતાવેલ હોય અને કોઈનું અપહરણ કરેલ હોય તેવું પણ બનેલ નથી.

આમ, સદર સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને કે ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના સરતપાસના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે સદર સાહેદને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિદ્વાન પી.પી.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેણી ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

(૨૦) ફરીયાદ પક્ષે સાહેદ સંગીતાબેન હરીભાઈ મેવાડાને આંક–૬૪ થી તપાસેલા છે, તેણીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી સાતેક વર્ષ પહેલા બનેલ, જેની ચોકકસ તારીખ તેણીને હાલ યાદ નથી. બનાવના દિવસે તેણી તેના ઘરમાં હતી. બનાવના દિવસે સાંજના સાડા પાંચ–છ વાગ્યાના અરસામાં બધા બુમાબુમ કરતા હતા, જેથી તેણી તેના ઘરની બહાર નીકળેલ હતી. બધા એમ કહેતા હતા કે, દેવરાજભાઈ આવેલ છે, તેણીએ જોયા નથી, અને એમ કહેતા હતા કે, દેવરાજભાઈ સુરજભાઈના છોકરા રાહુલને ઉપાડવા આવેલ છે અને તેણી તેના ઘરમાં જતી રહેલી. પોલીસે તેણીની કયારેય કોઈ પુછપરછ કરેલ નથી. એવું બનેલ નહીં કે, તેણીએ કોઈને તેમના લતામાં જોયેલ હોય

અને તેણીને કોઈએ બનાવની વાત કરેલ હોય અને તેણીના દેખતા કોઈ બનાવ બનેલ હોય તેવું બનેલ નહીં. તેણીએ ફરી પાછા કોઈને મોટર સાઈકલ લઈને તેણીના ઘર પાસેથી નીકળેલ જોયેલ નહીં, અને કોઈ મોટર સાઈકલની આડુ પડેલ હોય તેવું પણ જોયેલ નહી અને તેણીએ કોઈને છરી કાઢતા હોય તેવું પણ જોયેલ નહીં.

આમ, સદર સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને કે ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના સરતપાસના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે સદર સાહેદને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેણી ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

(૨૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે આ કામના ભોગ બનનાર 'આર' સુરેશભાઈને આંક– ૬૫ થી તપાસેલ છે, ભોગ બનનારે પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ તા.૧૬–૦૪ –૨૦૧૮ના રોજ બનેલો. બનાવના સવારના તે, તેના માતા જમનાબેન, તેના પિતા સુરેશભાઈ, તેના બા–દાદા વગેરે લોકો તેમના ઘરમાં હતા. ત્યારે રજનીભાઈ, ગીતાબેન તેમના ઘરે આવેલા અને તેમને વાત કરેલ કે, દેવરાજભાઈ બાઈક લઈને આવેલા અને કહેતા હતા કે, ''મારે સુરેશના છોકરાને ઉપાડી જવો છે અને મારી નાખવાનો છે, એવી વાત કરેલ, જેથી અમે એવું જણાવેલ કે, તું શું કામ અમને વાત કરે છે, જમનાબેનને કહો''. આવી વાત રજનીભાઈ અને ગીતાબેને તેમને કરતા તેઓ ઘરના સભ્યો ચિંતામાં મુકાઈ ગયેલા. વધુમાં જણાવેલ છે કે, સાંજના સાડા પાંચ થી છ વાગ્યાના અરસામાં તે રમીને તેમના ફળીયામાં પરત આવેલો, ત્યારે દેવરાજભાઈ કાળા કલરનું સ્પલેન્ડર લઈ તેની પાછળ આવેલ, તેના જમણા હાથનું બાવડું પકડેલું અને તેને ગાડીમાં પરાણે બેસાડવા લાગેલા. તેણે રાડારાડ કરેલી અને આડોશી–પાડોશી ભેગા પણ

થઈ ગયેલા અને આરોપીએ તેને જબરજસ્તીથી મોટર સાઈકલમાં ગાડી આગળ બેસાડી દીધેલ. દેવરાજભાઈએ પોતાના નેફામાંથી અણી વાળું હથીયાર બતાવેલું અને આડોશી–પાડોશી તેને મોટર સાઈકલમાંથી ઉતારવા લાગેલા. તેને આડોશી–પાડોશીના નામ હાલ યાદ નથી. આ દરમ્યાન તેના માતા–પિતા પણ આવી ગયેલા. આ દરમ્યાન દેવરાજભાઈ અપશબ્દોનો ઉપયોગ કરતા હતા. તેને દેવરાજભાઈની મોટર સાઈકલના નંબર હાલ યાદ નથી. આ અંગેની ફરીયાદી તેના માતા જમનાબેને પોલીસમાં આપેલી. પોલીસે તેની પુછપરછ કરીને નિવેદન પણ નોંધેલું અને તે નિવેદનમાં તેની સહી પણ લેવામાં આવેલી તેમ જણાવી અદાલત સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે.

સદર ભોગ બનનારે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આરોપી દેવરાજભાઈ તેના માસા થાય છે, તેથી તેમને પહેલેથી ઓળખે છે. પોલીસે તેની પુછપરછ કયારે કરેલ તે તારીખ તેને યાદ નથી. એ વાત ખરી છે કે, ગીતાબેન અને રજનીભાઈએ તેના ઘરે આવીને સવારે જે વાત કરેલી તે પછી તેઓ તરત પોલીસ સ્ટેશને દેવરાજભાઈ વિરૂઘ્ધ ફરીયાદ લખાવવા ગયેલા નહીં. દેવરાજભાઈએ તેનું બાવડું પકડેલ ત્યારે દેવરાજભાઈ બાઈક ઉપરથી ઉતરેલ ન હતા, બાઈક ઉપર જ હતાં. તે સાડા પાંચ થી છની વચ્ચે મારા ઘરે પરત જતો હતો, ત્યારે તે તેના ઘરની નજીકના ચોકમાં ગયેલ. એ વાત ખરી છે કે, તે તેના ફળીયામાં કે આંગણામાં ન હતો.

(૨૨) ફરીયાદ પક્ષ તરફે પોલીસ સાહેદ–પી.એસ.ઓ. હસ્મિતાબેન ગોવિંદભાઈ ચોચા પોતાની આંક–૬૬ની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૬–૦૪–૧૮ના રોજ તેઓ માંગરોળ પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ પર હતા ત્યારે માંગરોળ પી.એસ.આઈ. આર.એમ. ચૌહાણે પોતે લીધેલ જમનાબેન સુરેશ ભાઈ મોકરીયાની ફરીયાદ રજીસ્ટરે લેવા યાદી કરેલી. જે યાદીના

આધારે આવેલ ફરીયાદ તેઓએ માંગરોળ પો.સ્ટે.માં ગુ.ર.નં.ફર્સ્ટ –૧૮/૧૮, ઈ.પી.કો. કલમ–૩૬૩, ૪૪૭, ૩૬૪, ૫૦૪, ૫૦૬ તથા પોકસો એકટની કલમ–૮, ૧૧(૪) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ ગુન્હો દાખલ કરેલ. ત્યારબાદ તેઓએ સી.પી.આઈ. માંગરોળને ગુન્હા અંગે ઘટતુ કરવા યાદી કરેલ, માંગરોળ પો.સ્ટે.માં સદર ગુન્હા સબંધે સ્ટે.ડાયરી તા.૧૬–૦૪–૧૮ના એન્ટ્રી નં. ૨૦ થી નોંધ કરેલ. જે સ્ટેશન ડાયરી એન્ટ્રીની ખરીનકલ તેઓએ આંક–૬૭થી રજુ રાખેલ છે. તેઓએ સી.પી.આઈ.સાહેબને ગુન્હા અંગે ઘટતુ કરવા યાદી તે આંક– ૬૮ થી તથા તેઓએ ભારે ગુન્હાનો સ્પેશ્યલ રીપોર્ટ નાયબ પોલીસ અધિક્ષકશ્રી માંગરોળ વિભાગને કરેલ તે આંક–૬૯થી, તથા ફરીયાદ અન્વયે તેઓએ સી.આર.પી.સી.૧૫૪ અન્વયે ઉતારો કરેલ તે એફ.આઈ.આર.ની ખરીનકલ તેઓએ આંક–૭૦થી ઓળખી બતાવેલ છે.

સદર પોલીસ સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેમને આક્ષેપીત ગુન્હા અંગે જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે, તેમણે ગુન્હો રજીસ્ટરે લીધો, ભારે ગુન્હાનો સ્પેશ્યલ રીપોર્ટ કરેલ અને સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ, આ સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૨૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૭૩ થી આ કામના તપાસ કરનાર અમલદાર ચંદુભાઈ મેરાભાઈ ગમારને તપાસવામાં આવેલા છે, તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ૨૦૧૮ની સાલમાં તેઓ સી.પી.આઈ. માંગરોળ તરીકે ફરજ બજાવતા હતા, આંક–૬૭ વાળી યાદીથી માંગરોળ પો.સ્ટે. ગુ.ર.નં.ફર્સ્ટ–૧૮/૧૮ની તપાસ તેઓને સોંપવામાં આવેલી. તેઓને કાગળો સાથે આંક–૫૨ વાળી અસલ ફરીયાદ તથા ગુન્હો રજીસ્ટર કરવા યાદી સોંપવામાં આવેલ. જે યાદી તેઓએ આંક–૭૪ થી તથા ફરીયાદના સાધનીક કાગળો સાથે ભોગ બનનારના જન્મ તારીખનો દાખલો આપવામાં આવેલ તે આંક–૭૫ થી રજુ રાખેલ

છે. તેઓએ તેમની તપાસ દરમ્યાન આંક–૬૯ વાળો ભારે ગુન્હાનો સ્પે. રીપોર્ટ સામેલ રાખેલ તથા અપહરણ થયાની પ્રસિધ્ધી કરવા યાદી કરેલ, જે તેઓએ આંક–૭૬ થી રજુ રાખેલ છે. તેઓએ આંક–૩૯ વાળું બનાવ વાળી જગ્યાનું પંચનામું પંચ રાજેશ અમરા તથા બીજા પંચ પુંજાભાઈની હાજરીમાં તૈયાર કરેલ તૈયાર કર્યા બાદ પંચનામું પંચોને વાંચી સંભળાવી પંચોની સહી લીધેલ અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. તેઓએ તપાસ દરમ્યાન આંક–૪૨ થી ભોગ બનનારનું મેડીકલ કરાવવા સી.એચ.સી. માંગરોળને યાદી કરેલ, આંક–૪૪ થી ભોગ બનનારનું મેડીકલ સર્ટી મેળવવા યાદી કરેલ તથા આંક–૪૩ થી ભોગ બનનારનું મેડીકલ સર્ટી મેળવી કામમાં સામેલ રાખેલ. તેઓએ આંક–૪૬ વાળું આરોપીનું અટક પંચનામું પંચ આમદ દાઉદ તથા બીજા પંચ રામજીભાઈ વીરજીભાઈની હાજરીમાં તૈયાર કરેલ અને પંચનામાની વિગતે છરી તથા મોટર સાઈકલ કબ્જે કરેલ. તેઓએ ભોગ બનનારનું સી.આર.પી.સી. ૧૬૪નું નિવેદન લેવા નામદાર માંગરોળ કોર્ટને યાદી કરેલ, જે તેઓએ આંક–૭૭થી તથા મોટર સાઈકલની આર.સી.બુકની નકલ મેળવી કામમાં સામેલ રાખેલ તે આંક–૭૮થી, તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું જાહેરનામું મેળવી કામમાં સામેલ રાખેલ તે આંક –૭૯થી રજુ રાખેલ છે. તેઓએ આંક–૬૭ તથા આંક–૭૦ થી સ્ટેશન ડાયરી તથા એફ.આઈ.આર. મેળવી કામમાં સામેલ રાખેલ. તેઓએ તેમની તપાસ દરમ્યાન તા.૧૭–૦૪–૧૮ના રોજ ફરીયાદી જમનાબેન સુરેશભાઈનું તેમજ સાહેદ સુરેશભાઈ ગોવિંદભાઈ, કુંવરબેન અમરશી ભાઈ, સનુબેન ગોવિંદભાઈ, ગોવિંદભાઈ સીદી ભાઈના નિવેદન તેમના જણાવ્યા મુજબ તેઓએ નોંધી લીધેલ અને નોંધી લીધા બાદ તે નિવેદન તેમને વાંચી સંભળાવ્યા બાદ રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. વધુમાં તેઓએ તેમની તપાસ દરમ્યાન તા.૧૭–૦૪–૧૮ના રોજ સાહેદ રજનીભાઈ હરીભાઈ, સાહેદ ગીતાબેન મનોજભાઈ, સાહેદ ચંદ્રીકા બેન રાજેશભાઈ, સાહેદ સંગીતાબેન હરીભાઈ તથા સાહેદ કારીબેન મુંજાભાઈના નિવેદન સદર સાહેદોના

નોંધાવ્યા મુજબના નોંધેલ હોવાનું જણાવી, તેઓએ પોતાની જુબાની માં સદર સાહેદોના નિવેદનની હકીકતો રીફર કરી સમર્થન આપેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન આ કામના ભોગ બનનાર 'આર' સુરેશભાઈ ગોવિંદભાઈ મકડીયાનું નિવેદન તેના જણાવ્યા મુજબ તેઓએ નોંધી લીધેલ અને નોંધી લીધા બાદ તે નિવેદન તેને વાંચી સંભળાવ્યા બાદ રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. આરોપી દેવરાજ સોમા ગોહેલ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવા લાયક પુરાવો હોય, તા.૨૯–૦૭–૧૮ના રોજ આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી.–૩૬૩, ૩૬૪, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૮, ૧૧(૪) તથા જી.પી.એ.કલમ–૧૩૫ મુજબ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે.

સદર ત.ક.અધિકારીએ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ કીસ્સામાં આરોપીએ સગીરનું સેકયુઅલ હેરેશમેન્ટ કે સેકસુયલ એસોર્ટ કરેલ હોય તેવું બનેલ નથી, અને તેઓએ ભોગ બનનાર સગીર હોવાના કારણે આ કેસમાં ચાર્જશીટ કરેલું. તેઓએ એ બાબતનો ઈન્કાર કરેલ છે કે, પંચનામા પોલીસ સ્ટેશનમાં તૈયાર કરી પંચોની સહી લીધેલ છે, કે સાહેદના નિવેદન ફરીયાદને અનુરૂપ જાતે તૈયાર કરેલ છે, કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરી ખોટી જુબાની આપે છે.

(૨૪) હાલના કેસમાં ફરીયાદની વિગત, આક્ષેપિત ગુન્હાની કલમો તથા ફરીયાદ પક્ષે રજુ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને નજર સમક્ષ રાખી, તમામ પુરાવા તથા હકીકતોને તુલનાત્મક રીતે મુલવવામાં આવે તો, હાલના કેસમાં આરોપી દેવરાજ સોમાભાઇ ગોહેલ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૪, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨), પોકસો એકટની કલમ–૮, ૧૨ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. ફરીયાદ પક્ષનો આરોપી વિરૂધ્ધ મુખ્ય આરોપ એવો છે કે, આરોપીએ પોતાની પત્નીના મર્ડરના વહેમમાં

ફરીયાદી પક્ષ સાથે અદાવત રાખી, ફરીયાદીના ૧૫ વર્ષના સગીર પુત્ર ભોગ બનનાર 'આર'નું મોટર સાયકલ પર અપહરણ કરવાનો પ્રયાસ કર્યો અને કોયતો/છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી તથા ગાળો આપી ગુન્હો કર્યાનો આક્ષેપ છે. ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ તમામ પુરાવા ધ્યાને લેતાં સૌપ્રથમ આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદોનું ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થયેલ નથી અને ફરીયાદ પક્ષે પંચોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. બનાવ વાળી સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદ રાજેશભાઈ અમરાભાઈ આંક-૩૮થી પોતાની જુબાનીમાં સદર પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવે છે. પંચનામાની કોઈ હકીકતને સમર્થન આપતા નથી. ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે તૈયાર પંચનામામાં સહી કરવા સિવાય તેઓ કશું જાણતા નથી. ત્યારબાદ આરોપીને અટક કર્યા તથા કહેવાતા ગુન્હામાં ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ હથિયાર અને મોટર સાઇકલ કબજે લીધાના પંચનામાના પંચ સાહેદ આમદભાઈ દાઉદભાઈને આંક-૪૫થી અને બીજા પંચ સાહેદ રામજીભાઈ વિરજીભાઈને આંક-૪૯થી ફરીયાદ પક્ષે તપાસ્યા છે, પરંતુ સદર બન્ને પંચ સાહેદો પણ ફરી ગયા છે. તેઓએ પણ માત્ર તૈયાર પંચનામામાં સહી કરી હોવાનો સ્વીકાર કર્યો છે. જ્યારે ગુન્હામાં વપરાયેલ મોટર સાયકલ કે હથિયાર(કોયતો/છરી)ની જપ્તી સ્વતંત્ર પંચો દ્વારા સાબિત ન થાય, ત્યારે આરોપી ધ્વારા કહેવાતા ગુન્હા સમયે કથિત હથિયાર ધારણ કરવામાં આવેલ હોવાની રજૂઆત શંકાસ્પદ બને છે. આ કામે રજુ તબીબી પુરાવો ધ્યાને લેતાં, આંક-૪૧ થી તપાસેલા મેડિકલ ઓફિસર ડો. ઈરફાનભાઈ યુસુફભાઈ મહીડા, કે જેઓ ધ્વારા ભોગ બનનાર 'આર'ની તબીબી તપાસણી કરવામાં આવેલ હતી, તેઓ જણાવે છે કે, ભોગ બનનાર 'આર' ના શરીર પર કોઈ બાહ્ય કે આંતરિક ઈજાના નિશાન ન હતા. ભોગ બનનારે સદર મેડીકલ ઓફિસરશ્રી સમક્ષ એવું નિવેદન આપેલું કે, "તે ડરીને ગાડીમાં બેસી ગયો હતો." આમ, બળજબરીપૂર્વક ખેંચી જવાના આક્ષેપને તબીબી પુરાવો કે ભોગ બનનાર ધ્વારા મેડીકલ ઓફિસરશ્રી સમક્ષ જણાવવામાં

આવેલ હિસ્ટ્રીથી સમર્થન મળતું નથી.

(૨૫) તે ઉપરાંત, ફરીયાદ પક્ષના મહત્વના સાહેદોના મૌખિક પુરાવા ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદ પક્ષના સ્વતંત્ર નજરે જોનાર સાહેદોનું ફરીયાદ પક્ષને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. ફરીયાદ પક્ષ તરફે કહેવાતા બનાવ સ્થળ આજુબાજુના પાડોશીઓને બનાવ નજરે જોનાર સાહેદો તરીકે રજુ કર્યા હતા, તેઓ કોર્ટ સમક્ષ પોતાના પોલીસ નિવેદનથી તદ્દન વિપરીત હકીકતો જણાવે છે અને ફરી ગયેલા જાહેર થયા છે. આંક–પપથી તપાસેલ સાહેદ ગીતાબેન જણાવે છે કે, કોઈ બાળકને બાઈક પર લઈ જવાની કે રાડો પાડવાની ઘટના તેમણે જોઈ નથી, તેઓ આરોપીને ઓળખતા પણ નથી. આંક–૫૭થી તપાસેલ સાહેદ રજનીકાંત પણ ફરી ગયેલા સાહેદ જાહેર થયા છે. ફરીયાદીના કહેવા મુજબ સવારે આરોપીએ આ રજનીભાઈને ધમકી આપેલી. પરંતુ, રજનીકાંત કોર્ટમાં સ્પષ્ટ ના પાડે છે કે, તેમની હાજરીમાં કોઈ ધમકી અપાઈ નથી કે કોઈને ઉપાડી જવાની વાત થઈ નથી. ત્યારબાદ આંક–૬૩ થી સાહેદ કારીબેન તથા આંક–૬૪થી સાહેદ સંગીતાબેનને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદો પણ અપહરણ, મોટર સાયકલ રોકવી કે છરી બતાવવાની કોઈપણ હકીકતને સમર્થન આપતા નથી. સંગીતાબેન સ્પષ્ટ જણાવે છે કે, તેમણે આરોપીને જોયા જ નથી. આંક–પ૬થી તપાસવામાં આવેલ સાહેદ ચંદ્રિકાબેનનો અદાલત સમક્ષનો પુરાવો વિશ્વસનીય જણાઈ આવતો નથી, તેણી પોતાની સરતપાસમાં ફરી ગયેલ જાહેર થયેલ છે, પરંતુ સરકારી વકીલશ્રીની ઉલટતપાસમાં તેઓ સુચિત તમામ હકીકતોને સ્વીકારે છે. જો કે, બચાવ પક્ષની ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે, તે દિવસે તેઓ સવારે ૮:૩૦ વાગ્યે નોકરી પર જવા નીકળી ગયેલા કારણ કે આંગણવાડીમાં સમયસર પહોંચવાનું હતું. અંતમાં તેઓ સ્વીકારે છે કે "આ બનાવ અંગે તેણી કાંઈ જાણતી નથી." આથી આ સાક્ષીનો પુરાવો પણ પ્રોસિક્યુશનને મદદરૂપ થતો નથી.

(૨૬) વધુમાં, આ કામના મૂળ ફરીયાદી, તેણીના પતિ તથા તેમનો દિકરો ભોગ બનનાર 'આર'ના પુરાવા ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદ પક્ષના આ મુખ્ય

સાક્ષીઓ, જેઓ એક જ પરિવારના છે, તેમની જુબાનીઓમાં એકબીજાથી તદ્દન વિપરીત વાતો કહે છે. ભોગ બનનારના દાદા–સાહેદ ગોવિંદભાઇ સીદીભાઇ મકડીયા પોતાની આંક–૬૧ની જુબાનીમાં 'હીયર–સે' સ્વરૂપનો પુરાવો આપે છે. ફરીયાદી જમનાબેન તેઓની આંક–૫૧ની જુબાનીમાં જણાવે છે કે, ભોગ બનનાર 'આર' શેરીમાંથી પસાર થતો હતો ત્યારે તેને પકડેલો અને પોતે (ફરીયાદીએ) પોતાના દિકરાને હાથ પકડીને ખેંચી લીધેલો. જ્યારે ભોગ બનનાર 'આર' પોતાની આંક–૬૫ની જુબાનીમાં ઉલટતપાસમાં સ્વીકારે છે કે, તે પોતાના ફળિયામાં કે આંગણામાં ન હતો, પરંતુ નજીકના ચોકમાં હતો. આમ, બનાવના સ્થળ અંગે વિરોધાભાસી હકીકત રેકર્ડ ઉપર આવે છે. તે ઉપરાંત, ભોગ બનનારને કહેવાતા બનાવ સમયે બચાવનાર વ્યક્તિઓ અંગે પણ વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે. ફરીયાદી જમનાબેન કહે છે કે, તેમણે પોતે દિકરાને ખેંચી લીધો. જ્યારે તેના પતિ સુરેશભાઈ પોતાની જુબાની આંક–૫૪ દરમ્યાન ઉલટતપાસમાં સ્વીકારે છે કે, પાડોશના ચંદ્રીકાબેન, કુંવરબેન, સંગીતાબેન વગેરે વાસના લોકોએ બાઈક આડી રાખીને છોડાવ્યો. જ્યારે આ પાડોશીઓ સંગીતાબેન, ગીતાબેન વગેરેનાઓ આવી કોઈ ઘટના બની હોવાનો સાફ ઈન્કાર કરે છે. વધુમાં, ભોગ બનનાર 'આર'એ જણાવેલ છે કે, આરોપી દેવરાજભાઈ બાઈક પર જ હતા, નીચે ઉતર્યા નહોતા અને આરોપીએ તેનું બાવડું પકડીને બાઈક પર આગળ બેસાડી દીધેલ. ૧૫ વર્ષના સાધારણ વજનવાળા બાળકને બાઈક પર બેઠા–બેઠા જ એક હાથે બાવડું પકડીને ઉપાડીને મોટર સાઇકલમાં આગળ બેસાડી દેવો એ હકીકત બનાવ બન્યાની હકીકત ઉપર શંકા ઉપજાવે છે.

(૨૭) વધુમાં, આરોપી વિરૂધ્ધના આક્ષેપની વિગતે, આરોપીએ ભોગ બનનાર કે ફરીયાદીનું એવી રીતે અપમાન કર્યું હોય કે જેનાથી ઉશ્કેરાઈને તે જાહેર શાંતિનો ભંગ કરે અથવા અન્ય કોઈ ગુન્હો કરી બેસે, તે પરત્વે હાલના કેસમાં રજુ પુરાવાકીય હકીકતો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદી જમનાબેન અને ભોગ બનનાર 'આર' એવો આક્ષેપ કરે છે કે, આરોપી દેવરાજે આવીને જેમ ફાવે તેમ ભૂંડી

ગાળો બોલી હતી. પરંતુ, કઈ ચોક્કસ ગાળો બોલવામાં આવી હતી તેનો કોઈ ઉલ્લેખ રેકર્ડ પર નથી. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ, માત્ર 'ભૂંડી ગાળો બોલી' તેવું સામાન્ય વિધાન કલમ–૫૦૪ હેઠળ ગુન્હો સાબિત કરવા માટે પૂરતું નથી. તે ઉપરાંત, ફરીયાદ પક્ષના નજરે જોનાર સાહેદો ગીતાબેન અને કારીબેન જણાવે છે કે, એક ભાઈ ગાળો બોલતા હતા, પણ તેઓ કોને અને શું ગાળો દેતા હતા તેની તેમને ખબર નથી. જ્યારે સાહેદો રજનીકાંત અને સંગીતાબેન આવી કોઈ ગાળાગાળી થઈ હોવાનો કે આરોપીને જોયા હોવાનો જ સાફ ઈન્કાર કરે છે. ફરીયાદ પક્ષે કથિત ગાળાગાળીથી ઉશ્કેરાઈને જાહેર શાંતિનો ભંગ કર્યો હોય કે કાયદો હાથમાં લીધો હોય તેવું રેકર્ડ પર આવતું નથી. સાક્ષીઓના પરસ્પર વિરોધાભાસી નિવેદનો જોતાં, આરોપીએ કલમ–૫૦૪ હેઠળનો ગુન્હો કર્યો હોવાનું નિઃશંકપણે સાબિત થતું નથી. વધુમાં, જાનથી મારી નાંખવાની ગુનાહિત ધમકી બાબતેના આરોપી વિરૂધ્ધના આક્ષેપોની હકીકત ધ્યાને લેતાં, ઇ.પી.કો. કલમ–૫૦૬(૨) હેઠળ ગુન્હો ત્યારે જ બને જ્યારે આરોપીએ ભોગ બનનારના મનમાં મરણનો કે ગંભીર ઈજાનો વાસ્તવિક ભય પેદા કર્યો હોય. પ્રસ્તુત કેસમાં આરોપીએ નેફામાંથી છરી જેવો કોયતો કાઢીને "પાછો હાથમાં આવશે એટલે મારી નાખીશ" તેવી ધમકી આપ્યાનો આક્ષેપ છે. પરંતુ, આરોપી પાસેથી છરી કે કોયતો જપ્ત કર્યા અંગેનું પંચનામું (આંક–૪૬) સાબિત કરવા માટે તપાસેલા પંચ સાહેદો આમદભાઈ અને રામજીભાઈ અદાલત સમક્ષ સંપૂર્ણપણે ફરી ગયા છે. મુદ્દામાલ હથિયારની પંચો રૂબરૂ રિકવરી સાબિત ન થતી હોવાથી, ધમકી આપવા માટે હથિયારનો ઉપયોગ થયો હતો તે વાત કાયદાકીય રીતે ટકી શકે નહીં. તે ઉપરાંત, ભોગ બનનારના દાદા સાહેદ ગોવિંદભાઈ સીદીભાઈ પોતાની જુબાની આંક–૬૧માં ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારે છે કે, તેઓએ આરોપી પાસે કોઈ છરી જોઈ નથી. ફરીયાદી જમનાબેન અને ભોગ બનનાર 'આર' સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદો એવા પાડોશીએ આરોપીને છરી કે કોયતા સાથે જોયેલ નથી. નામદાર વડી અદાલતોના ચુકાદાઓ અનુસાર, કોઈપણ ઝઘડા દરમ્યાન ગુસ્સામાં બોલાયેલા શબ્દો જ્યાં

સુધી ભોગ બનનાર કે ફરીયાદીના મનમાં વાસ્તવિક રીતે જીવનું જોખમ ઊભું ન કરે, ત્યાં સુધી તેને કલમ–૫૦૬(૨) હેઠળની ગંભીર ધમકી ગણી શકાય નહીં. અહીં ફરીયાદ પક્ષ પોતે સ્વીકારે છે કે, આ ઘટના સવારે અને સાંજે બની હતી, તેમ છતાં તેઓએ તુરંત જ પોલીસનો સંપર્ક કર્યો ન હતો. જો ખરેખર જીવનું જોખમ હોત, તો સામાન્ય માનવ સહજ વર્તન મુજબ તુરંત પોલીસ ફરીયાદ થઈ હોત. ઇ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨), જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાઓમાં સ્વતંત્ર પાડોશીઓ કે જાહેર જનતાના પુરાવાનું વિશેષ મહત્વ હોય છે, કારણ કે આ કથિત ઘટના જાહેર શેરી અને ફળિયામાં બની હોવાનું કહેવાય છે. જ્યારે તમામ સ્વતંત્ર સાક્ષીઓ પ્રોસિક્યુશનના કેસને ટેકો આપતા ન હોય, મુદ્દામાલ હથિયાર પંચો દ્વારા સાબિત ન થતો હોય, અને ફરીયાદી પરિવારના સભ્યોની જુબાનીઓમાં જ સ્થળ અને ઘટના બાબતે ગંભીર વિરોધાભાસ હોય, ત્યારે માત્ર આક્ષેપોના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહીં.

(૨૮) વધુમાં, આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આરોપી વિરૂધ્ધ પોકસો એકટની કલમ–૮ તથા ૧૨ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં સૌપ્રથમ પોકસો એકટની કલમ–૭,૮ તથા ૧૧ અને ૧૨ વંચાણે લેવી જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે :

Sec.7 : Sexual assault — Whoever, with sexual intent touches the vagina, penis, anus or breast of the child or makes the child touch the vagina, penis, anus or breast of such person or any other person, or does any other act with sexual intent which involves physical contact without penetration is said to commit sexual assault.

Sec.8 : Punishment for sexual assault — Whoever, commits sexual assault, shall be punished with imprisonment of either description for a term which shall not be less than three years but which may extend to five years, and shall

also be liable to fine.

Sec.11 : Sexual harassment — A person is said to commit sexual harassment upon a child when suchperson with sexual intent,—

(i) utters any word or makes any sound, or makes any gesture or exhibits any object or part of body with the intention that such word or sound shall be heard, or such gesture or object or part of body shall be seen by the child; or

(ii) makes a child exhibit his body or any part of his body so as it is seen by such person or any other person; or

(iii) shows any object to a child in any form or media for pornographic purposes; or

(iv) repeatedly or constantly follows or watches or contacts a child either directly or through electronic, digital or any other means; or

(v) threatens to use, in any form of media, a real or fabricated depiction through electronic, film or digital or any other mode, of any part of the body of the child or the involvement of the child in a sexual act; or

(vi) entices a child for pornographic purposes or gives gratification therefor.

Explanation.—Any question which involves "sexual intent" shall be a question of fact.

Sec.12 : Punishment for sexual harassment — Whoever, commits sexual harassment upon a child shall be punished

with imprisonment of either description for a term which may extend to three years and shall also be liable to fine.

ઉપરોકત કાયદાકીય જોગવાઈઓની સાપેક્ષમાં હાલના કામે આરોપી વિરૂધ્ધના આક્ષેપોની હકીકત ધ્યાને લેવામાં આવે તો, કહેવાતા બનાવ સમયે આરોપીએ ફરીયાદીના ઘરના ફળીયામાં અપપ્રવેશ કરી, ફરીયાદીના સગીર વયના દિકરા ભોગ બનનાર 'આર' ઉ.વ.૧૫નું બાવડું ધરારથી પકડી મોટર સાઈકલમાં બેસાડી દઈ, તેને મારી નાખવાના ઈરાદે અપહરણ કરી થોડે દુર સુધી લઈ જતાં સગીર ભોગ બનનારે રાડો પાડતાં, સાહેદોએ ભેગા થઈ ભોગ બનનારને છોડાવી લેતાં, આરોપીએ જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી પોતાના નેફામાંથી છરી જેવો કોયતો કાઢી કહેલ કે, આજે બધાએ ભોગ બનનાર 'આર'ન છોડાવી લીધો છે પણ પાછો હાથમાં આવશે એટલે ઉપાડી લઈ જશે અને આ કોયતાથી મારી નાખશે તેવી ધમકી આપ્યાનો આક્ષેપ છે. આમ, ફરીયાદ પક્ષના કેસની હકીકત ધ્યાને લેતાં આરોપી ધ્વારા ભોગ બનનાર ઉપર કોઈ જાતીય હુમલો કરેલ હોય કે આરોપી ધ્વારા ભોગ બનનારની કોઈ જાતીય સતામણી કરવામાં આવેલ હોય તેવું ફલીત થતું નથી, તેમજ આરોપીનો ઈરાદો પણ આ પ્રકારનું કોઈ જાતીય કૃત્ય આચરવાનો હોય તેવું લેશમાત્ર ફલીત થતું નથી. તે ઉપરાંત, ફરીયાદી કે તેમના પરિવારજનો કે ખુદ ભોગ બનનાર ધ્વારા પોતાના મૌખિક પુરાવામાં પણ આરોપી ધ્વારા ભોગ બનનાર ઉપર કોઈ જાતીય હુમલો કે જાતીય સતામણી કરવામાં આવેલ હોય કે આરોપીનો તેવો કોઈ ઈરાદો હોય તેવું રેકર્ડ ઉપર આવતું નથી. તપાસ કરનાર અમલદાર ચંદુભાઈ ગમાર ધ્વારા પણ પોતાની જુબાની આંક–૭૩માં ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારવામાં આવેલ છે કે, આ કિસ્સામાં આરોપીએ સગીરનું સેક્સ્યુઅલ હેરેસમેન્ટ કે સેક્સ્યુઅલ એસોલ્ટ કરેલ હોય તેવું બનેલ નથી. માત્ર ભોગ બનનાર સગીર વયનો હોવાના કારણે જ ચાર્જશીટમાં પોકસો એકટની કલમો ઉમેરવામાં આવી છે. આ સંજોગોમાં પોકસો એકટની કલમ–૭/૮ (જાતીય હુમલો) કે કલમ–૧૧/૧૨ (જાતીય સતામણી) લાગુ કરવા માટે આરોપીનો ઈરાદો 'જાતીય' હોવો

અનિવાર્ય છે. પ્રસ્તુત કેસમાં કથિત ઝઘડો કૌટુંબિક અદાવત અને મર્ડરના વહેમના કારણે થયેલો હોવાનું સ્વયં સ્વીકૃત છે. આ કહેવાતા બનાવમાં કોઈપણ પ્રકારનો જાતીય ઈરાદો ન હોઈ, પોકસો એક્ટ મુજબના ગુન્હાનો આક્ષેપ કાયદાની દ્રષ્ટિએ બિલકુલ ટકી શકે તેમ નથી.

(૨૯) ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવો પડે છે. હાલના કેસમાં કોઈપણ સ્વતંત્ર સાહેદે કે પાડોશીએ ફરીયાદીની હકીકતને સમર્થન આપ્યું નથી, પંચો ફરી ગયા હોવાથી બનાવ સ્થળ કે હથિયારની જપ્તી સાબિત થતી નથી, ફરીયાદી પરિવારના સભ્યોની જુબાનીમાં વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે, તેમજ પોકસો એક્ટ અન્વયેનો કોઈ ગુન્હો બનતો હોવાનું ફલીત થતું નથી. આ સંજોગોમાં આક્ષેપિત ગુન્હામાં આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં, જેથી ઉપરોકત તમામ હકીકતો જોતાં, આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે.

(૩૦) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં તથા કરેલ ચર્ચા ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ આંક-૨૦ના તહોમતનામા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૪, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ-૮, ૧૨ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો આરોપીએ કરેલ હોવાનું નિઃશંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, આરોપીને શંકાનો લાભ આપવો ઉચિત જણાતો હોય, મુદ્દા નં.૨ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

૧) આ કામના આરોપી દેવરાજ સોમાભાઈ ગોહેલને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૪, ૪૪૭,

૫૦૪, ૫૦૬(૨) તથા પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૮, ૧૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થવાના કિસ્સામાં તેની નોટીસ બજતાં, નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આ કોર્ટ સમક્ષ આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોટર સાઈકલ બાબતે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો તેના મુળ માલીકની ખાતરી કરી, પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે કબજે કરવામાં આવેલ અન્ય નોન–વેલ્યુએબલ મુદ્દામાલ કોયતો/છરીનો અપીલ સમય વિત્યે અપીલ થયેલ ન હોય તો ચકાસણી કરી, નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪) હાલના કિસ્સામાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭(એ) હેઠળ કે કેન્દ્ર સરકાર કે રાજય સરકારની કોઈપણ સ્કીમ અન્વયે ભોગ બનનારને વળતર ચુકવવા પાત્ર થતું નથી તેવું ઠરાવવામાં આવે છે, તેમજ જો તેવી કોઈ રકમ ચુકવાયેલ હોય તો તે રેવન્યુ રાહે પરત વસુલ મેળવવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૦૮ મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ,
તા.૦૮/૦૬/૨૦૨૬,

(**હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી**)
સ્પેશ્યલ જજ (પોકસો) અને
એડિશ્નલ સેશન્સ જજ,
કે શો દ
GJ 00576

NKM